1. મંડલા પંચે સામાજિક અને આર્થિક પછાતપણું નક્કી કરવા? કથા ત્રણ વિભાગમાં માપદંડ દશાવ્યો?

➢ મંડલ પંચે સામાજિક અને આર્થિક પછાતપણું નક્કી કરવા આ ત્રણ વિભાગમાં માપદંડ દર્શાવ્યા હતા : (1) સામાજિક માપદંડ, (2) શૈક્ષણિક માપદંડ અને (3) આર્થિક માપદંડ.

2. ભારતમાં પછાતસમૂહો માટે કેટલા ટકા અનામત રાખવામાં આવી છે ?

➢ ભારત સરકારના 13 ઑગસ્ટ, 1990ના જાહેરનામાથી સરકારની સનદી જગ્યાઓ અને સેવાઓમાં અન્ય પછાત વર્ગો માટે 27 ટકા અનામત જગ્યાઓ રાખવામાં આવી છે.

3. આદિમજાતિઓ કઈ કઈ ગૂઢ શક્તિઓમાં શ્રદ્ધા ધરાવે છે?

➢ આદિમજાતિઓ ટેકરીની ગુઢ શક્તિઓ, જંગલની ગૂઢ શક્તિઓ, પૂર્વજોની ગૂઢ શક્તિઓ, મૃતવીરોની ગૂઢ શક્તિઓ, ગામની ગુઢ શક્તિઓ તથા ભૂત, ચુડેલ, ડાકણ વગેરે જેવી અનિષ્ટકારક ગુઢ શક્તિઓમાં શ્રદ્ધા ધરાવે છે.

4. ભારતની આદિમજાતિને ભાષાકીય દષ્ટિએ મહત્ત્વનાં ક્યાં ત્રણ ભાષાકુટુંબો સાથે વર્ગીકૃત કરવામાં આવે છે ?

➢ ભારતની આદિમજાતિને ભાષાકીય દષ્ટિએ મહત્ત્વનાં આ ત્રણ ભાષાકુટુંબો સાથે વર્ગીકૃત કરવામાં આવે છે : (1) ઑસ્ટ્રિક ભાષાકુટુંબ (2) દ્રાવિડિયન ભાષાકુટુંબ અને (3) સીનો તિબેટૂન ભાષાકુટુંબ.

5. 'અનુસૂચિત જાતિ' એટલે શું?

➢ 'અનુસૂચિત જાતિ' એ કોઈ એ ક જાતિ કે જ્ઞાતિ માટે વપરાતું નામ નથી, પરંતુ કેટલીક જ્ઞાતિઓને તેમના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક પછાતપણાના કારણે એક જૂથમાં ભેગા કરી જે વર્ગ હેઠળ (અનુસૂચિ) બનાવી તે વર્ગને અપાયેલું સમૂહવાચક નામ છે.

6. અનુસુચિત જનજાતિની વ્યાખ્યા આપો.

➢ ભારતના બંધારણની કલમ 342(ક) મુજબ ભારતના રાષ્ટ્રપતિ એક જાહેરનામું બહાર પાડી અનુસૂચિત જનજાતિની યાદીમાં જે જાતિઓનો સમાવેશ કરે તેમને અનુસૂચિત 'જનજાતિ' તરીકે ઓળખવામાં આવે છે.

7. પછાતપણાનો અર્થ આપો.

➢ 'પછાતપણા'માં સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત વર્ગોનો સમાવેશ થાય છે.

8. આદિવાસીઓને બંધારણમાં કયા નામે ઓળખવામાં આવે છે? (July 18)

➢ આદિવાસીઓને બંધારણમાં 'અનુસૂચિત જનજાતિ' તરીકે ઓળખવામાં આવે છે.

9. કયાં રાજ્યોમાં અનુસૂચિત જાતિનાં કુટુંબો જોવા મળતાં નથી?

- અરુણાચલ પ્રદેશ, નાગાલૅન્ડ, લક્ષદ્વીપ તથા અંદમાન અને નિકોબારમાં અનુસૂચિત જાતિનાં કુટુંબો જોવા મળતાં નથી.

10. ભારતની અનુસૂચિત જનજાતિનાં સર્વસામાન્ય લક્ષણો કોણે દર્શાવ્યાં છે?

- ભારતની અનુસૂચિત જનજાતિનાં સર્વસામાન્ય લક્ષણો ડૉ. મજમુદાર અને મદને દર્શાવ્યાં છે.

11. કઈ આદિમજાતિઓ સંપૂર્ણપણે પ્રાદેશિકતાને વળગી રહે છે ?

- મુંડા, હો, ગારો આદિમજાતિઓ સંપૂર્ણપણે પ્રાદેશિકતાને વળગી રહે છે.

12. કઈ આદિમજાતિઓ સભ્ય સમાજના લોકો સાથે પણ વસવાટ કરે છે?

- સંથાલ, ભૂમિજ, ભીલ વગેરે આદિમજાતિઓ સભ્ય સમાજના લોકો સાથે પણ વસવાટ કરે છે.

13. આદિમજાતિઓના સમાજમાં ન્યાયાધીશ અને કોર્ટનું કાર્ય કોણ કરે છે?

- આદિમજાતિઓના સમાજમાં ન્યાયાધીશ અને કોર્ટનું કાર્ય 'આદિમજાતિ પંચ' કરે છે.

14. ભારતના આદિવાસીઓના સંગીતમાં કયાં વાજિંત્રોનો સમાવેશ થાય છે ? (March 19)

- ભારતના પાદિવાસીખોના સંગીતમાં સારંગી, વાંસળી, તુર, તંબૂર, બીન, ઢોલ, ઘંટ, મૃદંગ વગેરે જેવાં વાજિંત્રોનો સમાવેશ થાય છે.

15. ભારત સરકારે મંડલ પંચની ભલામણોનો અમલ ક્યારથી કર્યો? (March 19)

- ભારત સરકારે 'મંડલ પંચની ભલામણોનો અમલ 13 ઑગસ્ટ, 1990થી કયાં.

16. બક્ષીપંચે રચેલી નિષ્ણાતોની સમિતિમાં સભ્ય તરીકે ગુજરાતના કયા સમાજશાસ્ત્રી હતા?

- બક્ષીપંચે રચેલી નિષ્ણાતોની સમિતિમાં એક સભ્ય તરીકે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા ગુજરાતના સમાજશાસ્ત્રી આઈ. પી. દેસાઈ હતા.

17. બંધારણમાં ક્યા ક્યા સમૂહોને વિશિષ્ટ લાભો આપવામાં આવ્યા છે ? (March 18)

- બંધારણમાં આ ત્રણ સમૂહોને વિશિષ્ટ લાભો આપવામાં આવ્યા છે : (1) અનુસૂચિત જાતિઓ, (2) અનુસૂચિત જનજાતિઓ અને (3) અન્ય પછાત વર્ગો.